પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૯૫ | ૧૪ જુન, ૨૦૧૮, ગુરૂવાર; નિજ. જેઠ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

ગૌરી લંકેશ હત્યાકાંડ મામલે વધુ એક આરોપીની ધરપકડ

પત્રકાર ગૌરી લંકેશ હત્યાકાંડ મામલે વિશેષ તપાસ દળે વધુ એક આરોપી પુરુષોત્તમ વાઘમારેને મહારાષ્ટ્રથી ઝડપી લીધો છે. કોર્ટે તેને ૧૪ દિવસની પુલીસ કસ્ટડીમાં મોકલી અપાયો છે.

કોલેજોમાં ભણાવવા હવે પીએચડી જરૂરી

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને યુનિવર્સિટી અને કોલેજોમાં ટીચરોની ભરતી અને પ્રમોશન માટે લઘુત્તમ લાયકાત માટે નવા નિયમો જાહેર કર્યા છે. આ નિયમો અનુસાર કોલેજોમાં ભણાવવા માટે હવે પીએચડી જરૂરી છે. પ્રમોશન માટે પણ પીએચડી જરૂરી બનાવાયુ છે.

વરલીની બહુમાળી ઈમારતમાં આગ

મુંબઈના વરલી વિસ્તારમાં આવેલી ૨૨ માળની ઈમારતના ટોપ ફ્લોરમાં આગ ફાટી નીકળી છે. આ ઈમારતમાં એક્ટ્રેસ દીપીકા પાદુકોણનું ઘર પણ છે. ફાયરબ્રિગેડે આગ ઓલવવાના પ્રયત્નો શરૂ કરી દીધા છે.

સરકારી બંગલાના તોડફોડ મામલે અખિલેશની સફાઈ

સપા પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે સરકારી બંગલામાં કરેલી તોડફોડ મામલે ખુલાસો કર્યો છે અને જણાવ્યુ છે કે મારી પર લગાવાયેલા આરોપો ખોટા છે. મારા પૈસે લગાવેલો સામાન જ મે કાઢ્યો હતો.

આજથી ફીફા વર્લ્ડ કપનો પ્રારંભ

ફીફા વર્લ્ડ કપ જીતવા માટે વિશ્વની શ્રેષ્ઠ ૩૨ ટીમોની વચ્ચે રોચક સ્પર્ધા : જર્મની, બ્રાઝિલ, સ્પેન, ફ્રાન્સ તેમજ આર્જિન્ટિના ફેવરીટ ટીમ તરીકે હશે : યજમાન રશિયા આજે પોતાની પ્રથમ મેચ સાઉદી અરેબિયાની સામે રમીને પોતાની ઝુંબેશ શરૂ કરશે

મોસ્કો,તા. ૧૩

વિશ્વભરમાં જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ફીફા વર્લ્ડ કપની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. વિશ્વભરમાં ફુટબોલ ક્રેઝ હવે ચરમસીમા પર છે. દુનિયાભરના અબજો ચાહકો ફુટબોલના રોમાંચની મજા માણવા માટે તૈયાર છે. યજમાન રશિયાએ તમામ તૈયારી પૂર્ણ કરી લીધી છે. હવે ૧૫મી જુલાઈ સુધી ફુટબોલ રોમાંચ રહેશે. આ વખતે ઈતિહાસમાં પ્રથમ વખત એક સાથે ચાર મુસ્લિમ દેશો પણ ફીફા વર્લ્ડ કપમાં રમી રહ્યા છે. જેમાં ઈરાન, સાઉદી અરેબિયા, ઈજિપ્તનો સમાવેશ થાય છે. ફિફા વર્લ્ડ કપમાં ચેમ્પિયન બનનાર ટીમને ૨૫૫ કરોડની અભૂતપૂર્વ રકમ આપવામાં આવનાર છે. ફુટબોલમાં ઈનામી રકમમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. તમામ ટીમો રશિયામાં પહોંચી ચુકી છે. રશિયામાં છેલ્લા કેટલાક મહિનાથી જોરદાર તૈયારી ચાલી રહી હતી. આ વખતે પ્રથમ ક્રમાંકિત ટીમ જર્મની વર્તમાન ચેમ્પિયન તરીકે છે અને તે પોતાના તાજને જાળવી રાખવાના ઈરાદાથી મેદાનમાં ઉતરનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

વર્લ્ડ કપની મેચ જોવા ૧૦ લાખ વિદેશી ચાહકો રશિયા પહોંચશે

સુરક્ષાના પડકારોને પહોંચી વળવા પૂર્ણ તૈયારી : રશિયા મેચ જોવા માટે પહોંચનાર ફુટબોલના ચાહકોને પોલીસ સમક્ષ પોતાની નોંધણી કરાવવી ફરજિયાત રહેશે

મોસ્કો,તા. ૧૩

ફિફા વર્લ્ડ કપનુ આયોજન રશિયામાં કરવામાં આવ્યા બાદ સુરક્ષાને લઈને પણ તમામ તૈયારી કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ સુરક્ષા પર જોરદાર તૈયારી કરવામાં આવી છે. મેચો જોવા માટે રશિયામાં આ વખતે ૧૦ લાખથી વધારે ચાહકો પહોંચે તેવી શક્યતા છે. ફીફા વર્લ્ડ કપની મેચો રશિયાના ૧૧ શહેરોના ૧૨ મેદાન ખાતે રમાનાર છે. તમામ જગ્યાએ જોરદાર સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. વિશ્વ કપ દરમિયાન ત્રાસવાદી હુમલાને ટાળવા માટે પણ વિવિધ પગલા લેવામાં આવ્યા છે. બીજી બાજુ ફુટબોલ વિશ્વ કપની મેચો દરમિયાન કોઈ પણ પ્રકારની કોઈ હિંસક ઘટના ન બને તે માટે પણ તમામ તૈયારી કરવામાં આવી છે. એફએશબી સ્થાનિક સુરક્ષાના વડા એલેક્સી લાવરિશચેવે કહ્યુ છે કે કેટલાક વર્ષોથી તૈયારી ચાલી રહી હતી. સુરક્ષાના કોઈ પણ પડકારોને પહોંચી વળવા માટે અમે તૈયાર છીએ. આ વખતે કેટલાક નવા સુરક્ષા પાસાથી ચાહકોને પસાર થવાની ફરજ પડશે.

પાકની નાપાક હરકત : ૪ જવાન શહીદ

યુદ્ધવિરામનો ભંગ કરી ફરી ગોળીબાર : પાકિસ્તાનના અવિરત ગોળીબારના કારણે સ્થિતી સ્ફોટક

જમ્મુ,તા. ૧૩

સરહદ પર એકવાર ફરી પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને ભીષણ ગોળીબાર કર્યો છે. જેમાં બીએસએફના ચાર જવાન શહીદ થયા છે. અન્ય પાંચ ઘાયલ પણ થયા છે. જમ્મુના રામગઢ સેક્ટરના ચમલિયાલ પોસ્ટ પર પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. બીએસએફના એક આસીસ્ટન્ટ કમાન્ડેન્ટ પણ શહીદ થયા હતા. ઘાયલ થયેલા જવાનોને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો ભંગ એવા સમયે કરવામાં આવી રહ્યો છે જ્યારે ભારતે ત્રાસવાદીઓ સામે ઓપરેશન હાથ નહીં ધરવાની જાહેરાત કરી છે. શનિવાર અને રવિવારના દિવસે પણ પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબારનો જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ પાકિસ્તાનની અપીલ બાદ સોમવારે સાંજે આરએસપુરા

ભૈયુજી મહારાજનો પાર્થિવ દેહ પંચમહાભૂત વિલિન

પુત્રી કુહુ દ્વારા અગ્નિદાહ આપવામાં આવ્યો : તમામ સંપત્તિના માલિકી હક સેવાદાર - વિનાયકના નામે ભૈયુજી મહારાજે કરી દીધા

ઈન્દોર,તા. ૧૩

આધ્યાત્મિક ગુરુ ભૈયુજી મહારાજના આજે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા જેમાં મોટી સંખ્યામાં તેમના સમર્થકો ઉમટી પડ્યા હતા. અંતિમ સંસ્કાર વેળા કેટલીક સેલિબ્રીટીઓ પણ ઉપસ્થિત રહી હતી. બીજી બાજુ ભૈયુજી મહારાજની આત્મહત્યાના મામલામાં આત્મહત્યાની નોંધથી કેટલાક ચોંકાવનારા ખુલાસા થયા છે. ઈન્દોર પોલીસને મળેલી આત્મહત્યાની નોટ સંકેત આપે છે કે, પારિવારિક ઝગડા આના માટે જવાબદાર હોઈ શકે છે. જેના પરિણામ સ્વરુપે ભૈયુજી મહારાજે પોતાની સંપત્તિ અને બેંક એકાઉન્ટના માલિકી હક પોતાના વિશ્વાસપાત્ર સેવાદાર વિનાયકને સોંપી દીધા છે. ટીવી ચેનલના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આત્મહત્યાની નોંધમાં લખવામાં આવ્યું છે કે, તેમની તમામ આર્થિક શક્તિઓ, સંપત્તિ, બેંક એકાઉન્ટ અને તમામ કાગળોનો અધિકાર વિનાયકને આપે છે. કારણ કે વિનાયક ઉપર તેમને વિશ્વાસ છે. આ તમામ બાબતો તેઓ કોઈપણ દબાણ વગર કરી રહ્યા છે. પોલીસે આત્મહત્યાની નોંધ ગઈકાલે જ મેળવી લીધી હતી. ભૈયુજી મહારાજનો પાર્થિવ દેહ અંતિમ દર્શન માટે ઈન્દોરમાં સૂર્યોદય આશ્રમમાં રાખવામાં આવ્યો

● અનુસંધાન પાન-૭ પર

ઉત્તરપ્રદેશમાં બસે પલટી ખાતા ૧૭નાં મોત

ભરચક ડબલ ડેકર બસની ગમખ્વાર દુર્ઘટનામાં અન્ય ૩૫થી વધુ ઘાયલ

મૈનપુરી,તા. ૧૩

ઉત્તરપ્રદેશના મૈનપુરીમાં આજે સવારે ગમખ્વાર દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૧૭ લોકોના મોત થયા હતા અને અન્ય ૩૫ લોકો ઘાયલ થયા હતા. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધવાની દહેશત છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ જયપુરથી ફરુખાબાદ તરફ જઈ રહેલી ડબલ ડેકર યાત્રી બસ અનિયત્રિત થઈને પલટી ખાઈ ગઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. ઘાયલ થયેલા લોકો પૈકી ત્રણની હાલત હજુ ગંભીર દર્શાવવામાં આવી રહી છે. આ બનાવ સવારે દન્નાહાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બન્યો હતો. પોલીસે પ્રાથમિકત તપાસ બાદ કહ્યુ છે કે ૧૭ લોકોના મોત તો થઈ ચુક્યા છે. ઘાયલોની સંખ્યા ૩૫ જેટલી આંકવામાં આવી છે. બનાવની જાણ થતા પોલીસ ટીમ અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી દેવામાં આવ્યા હતા. જ્યારે સુરક્ષિત રહેલા બીજા યાત્રીઓને અન્ય બસ મંગાવીને રવાના કરવામાં આવ્યા હતા. દુર્ઘટનાગ્રસ્ત બસ રાજસ્થાનના જયપુરથી ફરુકાબાદ તરફ જઈ રહી હતી. મૈનપુરીના એડિશનલ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસે માહિતી આપતા કહ્યુ હતુ કે દુર્ઘટનાગ્રસ્ત બસમાં ૬૦-૭૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા. મૈનપુરી-ઈટાવાહ રોડ પર જિલ્લા હેડ ક્વાર્ટસથી ૨૫ કિલોમીટરના અંતરે સ્થિત તિરથપુર ગામમાં ડિવાઈડર સાથે બસ ટકરાઈ ગયા બાદ બસ પલટી ખાઈ ગઈ હતી. બસના ડ્રાઈવરને પણ પગમાં ઈજા થઈ છે. તે ડાબા પગને ગુમાવી ચુક્યો છે. તે હાલમાં સૈફાઈ ખાતે સારવાર હેઠળ છે. મૃત્યુ પામેલા તમામ લોકોની ઓળખ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. હજુ સુધી મૃતકોની ઓળખ કરવામાં આવી નથી. અકસ્માતના કારણે ભારે ચકચાર મચી ગઈ હતી.

વાજપેયીની તબિયતમાં સુધાર

રિકવરી નોંધાઈ : એમ્સમાં હજુ પણ સારવાર હેઠળ

નવીદિલ્હી,તા. ૧૧

ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની તબિયતમાં સુધારો થયો છે. ઝડપી રિકવરી થઈ રહી છે. એમ્સના ડિરેક્ટરનું કહેવું છે કે, વાજપેયીને ટૂંક સમયમાં જ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે. છેલ્લા ૪૮ કલાકમાં નોંધપાત્ર સુધારો થયો છે.

એમ્સના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું છે કે, ૯૩ વર્ષીય વાજપેયીની તબિયત સુધારા ઉપર છે. યુરિન આઉટપુટ લો હોવાના કારણે તેમના ઉપર નજર રાખવામાં આવી રહી છે. ૧૧મીએ વાજપેયીને દિલ્હી સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. વાજપેયીને રૂટિન ચેકઅપ માટે એમ્સમાં લઈ જવામાં આવ્યા હતા. તેમની સ્થિતિ સામાન્ય છે અને ટૂંકમાં જ રજા આપી દેવામાં આવશે. એમ્સના તબીબ રણદીપ ગુલેરિયાની સલાહ ઉપર તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

Leading Shares and Stock Merket Company
Staff Required at Gandhinagar
• TERMINAL OPERATOR, CASH / F&O - 2 (M)
• BACK & FRONT OFFICER ASSISTANT - 3 (M)
NISM/12th Pass & Two Wheeler prefer.
Pay no bar for night candidate @ 15,000 + Incentive
Call for Interview Timing : 8511568737

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

બીજા માટે કંઈક કરીએ...
ઉત્તમમાં ઉત્તમ દાન કરીએ...
14 JUNE
•World• BLOOD DONOR DAY
ગાંધીનગરના દરેક નાગરીકને નમ્ર વિનંતી
શ્રધ્ધાદિપ બ્લડ બેન્ક આયોજીત
મહા રક્તદાન કેમ્પ
તારીખ : ૧૪ જુન ૨૦૧૮, સવારે ૯ થી રાત્રે ૯
સ્થળ : ૩૨૮, સેક્ટર-૧૬, શીવ કોમ્પલેક્ષ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૨૪૭૪
બહેનોને ખાસ કહેવાનું કે,
સ્ત્રી શક્તિને વેગ આપીએ, ચાલો આપણે પણ જોડાઈએ.
નામ નોંધાવા માટે : ૯૭૨૬૯૭૮૮૦૪, ૯૮૨૪૮૩૩૪૪૦
"Be There for someone else
Give blood. Share life"
WOMEN EMPOWERMENT